**બાવળા તાલુકાના મહે.એડી. સીવીલ જજ અને જ્યુ.મેજી.ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, તા.બાવળા, જિ.અમદાવાદ**

**ફોજદારી કેસ નં.૧૨૮૭/૨૦૨૬**

**ફરીયાદી :** **શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપીઃ** **સંદિપસિંગ નવલસિંગ ઉરેતી.**

## ગુનોઃ– પ્રોહી.એક્ટની કલમઃ–૬૬(૧) (બી) તથા મોટર વાહન અધિનિયમઃ–૧૮૫ મુજબ

(૧) સદરહું કામના આરોપી વિરુધ્ધ **પ્રોહી.એકટની કલમઃ–૬૬(૧)(બી) તથા મોટર વાહન અધિનિયમઃ–૧૮૫** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાના કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલો આપી આરોપીની પ્લી લેતા આરોપીએ ગુનો કબુલ કરેલ છે.

(૨) આરોપીએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઈએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીએ સદર ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનુ જણાવેલ છે તો વધુમાં આરોપીએ તેમની કબુલાતમાં તથા મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઈ અંગે આરોપીને માહિતગાર કરેલ હોવા છતાં કબુલાત કરવા ઈચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

આમ, આરોપીની મારી સમક્ષની રજુઆત સ્વેચ્છા પુર્વકની કબુલાત જણાતી હોય કેસના સંજોગો દયાનેમાં લઈ આરોપીને સદર ગુન્હામાં તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**–::હુકમ::–**

સદર કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ– ૨૭૫ અન્વયે **પ્રોહી.એકટની કલમઃ–૬૬(૧)(બી) તથા મોટર વાહન અધિનિયમઃ–૧૮૫** ના ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીને **પ્રોહી.એકટની કલમઃ–૬૬(૧)(બી) તથા મોટર વાહન અધિનિયમઃ–૧૮૫ મુજબના ગુન્હા માટે આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા આરોપીને રુ.૧,૫૦૦/–**(અંકે રૂપીયા એક હજાર પાંચસો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામા આવે છે. આરોપીએ **કુલ રુ.૧,૫૦૦/–**(અંકે રૂપીયા એક હજાર પાંચસો પુરા) દંડ ભરવો અને જો દંડ ન ભરે તો **દિન–ત્રણ** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ પાવતીમાં દર્શાવેલ મુદામાલ મોબાઈલ ફોન કે વાહન અંગે જો અગાઉ કોઈ હુકમ કરવામાં આવ્યો હોય તો વચગાળાનો હુકમ કાયમ કરવો અને જો અગાઉ કોઈ હુકમ કરવામાં આવ્યો ન હોય તો મુદામાલ મોબાઈલ ફોન કે વાહન નાં બીલના આધારે મૂળ માલિકને પરત સોંપવો તેમજ દર્શાવેલ મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૧–૦૭–૨૦૨૬**
**સ્થળઃ–બાવળા**

**(નેહા દિનેશભાઈ જોષીપુરા)**
**એડી.જ્યુ.મેજી.ફર્સ્ટ ક્લાસ**
**તા.બાવળા,જિ.અમદાવાદ(ગ્રામ્ય)**
**UID No GJ01701**